### સ્માર્ટસિટી અમદાવાદમાં ધોધમાર વરસાદે લીધી તંત્રની પરીક્ષા

# સૌરાષ્ટ્ર, કચ્છમાં તા.૧૧ અને ૧૨ જુલાઈએ અતિભારે વરસાદની આગાહી

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૮

આજે સ્માર્ટ સીટી અમદાવાદમાં અનરાધાર વરસાદવરસ્યો હતો. અમદાવાદમાં ધોધમાર પડેલા વરસાદે તંત્રની પરીક્ષા લીધી હતી. શહેરમાં સૌથી વધુ ઉસ્માનપુરા વિસ્તારમાં ૯ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો જ્યારે શહેરના જાણીતા વિસ્તાર અને હદયસમા આશ્રમ રોડ ખાતે પણ ગલીઓમાં પાણી ભરાઇ જતા અનેક કાર વરસાદી પાણીમાં ડૂબી ગઇ હતી અને કારમાં પાણી ઘૂસી જતા લોકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં ૧.૫ ઇંચથી ૯ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

ભારે વરસાદને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફરિયાદ સેલ પર ફક્ત ફરિયાદ લેવામાં આવતી હતી પરંતુ કામ કોઇ થતા ન હોવાની મોટાપાયે ફરિયાદ ઊઠી છે. ઘણા વિસ્તારોમાં શાળા છૂટવાના સમયે જ વરસાદ હોવાથી બાળકો પાણીમાં ફસાયા હતા તો શાહીબાગ, મીઠાખળી, અખબાર નગર અને મકરબા અંડરબ્રીજમાં પાણી ભરાઇ જતા અંડરબ્રીજ બંધ કરી દેવામાં આવ્યા હતા. ઉપરાંત માર્ગો પર પાણી ફરી વળતા લોકોના વાહનો પણ બંધ પડી ગયા હતા. અમદાવાદમાં સાંજે ૪ કલાક સુધીમાં અલગ અલગ વિસ્તારમાં પડેલો વરસાદ આ પ્રમાણે છે. જેમાં ઉસ્માનપુરામાં ૯ ઇંચ, વિરાટનગરમાં ૬ ઇંચ, ચકુડીયામાં ૬, ઓઢવામાં ૪.૫ ઇંચ, મેમ્કોમાં ૪.૫ ઇંચ, દૂધેશ્વરમાં ૪ ઇંચ, મણિનગરમાં ૩.૫ ઇંચ, ચાંદખેડામાં ૩ ઇંચ, પાલડીમાં ૩ ઇંચ, બોડકદેવમાં ૩ ઇંચ, સરખેજમાં ૨.૫ ઇંચ, સાયન્સ સિટીમાં ૨ ઇંચ અને ગોતામાં ૨ ઇંચ વરસાદનો સમાવેશ થાય છે.

દરમિયાન હવામાન વિભાગે આગામી ૧૧ અને ૧૨ જુલાઈના રોજસૌરાષ્ટ્ર, કચ્છમાં અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં વલસાડ, દીવ, દાદરાનગર હવેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૧૧ અને ૧૨ જુલાઈ પૈકી ૧૨ તારીખે સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જેના પગલે ગુજરાતના તમામ દરિયાકાંઠાએ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના પણ આપી દેવામાં આવી છે.

### હાલ દેશમાં અઘોષિત ઈમર્જન્સી લાગુ છે

# વાણી સ્વતંત્રતા ખતમ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છેઃ યશવંત સિંહા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૮

ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીની સરકારમાં કેબિનેટ મંત્રી રહેલા અને વિપક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર યશવંત સિન્હા હાલમાં ગુજરાતમાં છે.

તેમણે આજે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પ્રવર્તમાન મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ કે રાષ્ટ્રપતિની ચૂંટણી અસાધારણ સ્થિતિમાં થઈ રહી છે. હાલ દેશમાં અઘોષિત ઇમર્જન્સી લાગુ છે. પત્રકારો પર હુમલો થાય છે. વાણી સ્વતંત્રતા ખતમ કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે. આ મુદ્દે જર્મનીએ પણ ચિંતા વ્યકત કરી છે કે ભારતમાં વાણીસ્વતંત્રતા ખતમ થઈ રહી છે, ભારત સરકારે વિરોધ કર્યો છે પણ આપણે જાણીએ છીએ કે આ સાચું છે.

ગુજરાતમાં હજુય ૧૪૪ કલમ લાગુ છેએ સાંભળીને નવાઈ લાગી છે. ગુજરાતમાં ક્યાં ખતરો છે. ગુજરાતમાં સામાજિક કાર્યક્રમો માટે પરવાનગી લેવી પડી રહી છે. આવુ તો ઇમર્જન્સીમાં પણ ન હતું, જે આજે ગુજરાતમાં થઈ રહ્યું છે. આજે સમાજને સાંપ્રદાયિક રીતે વહેંચવામાં આવી રહ્યો છે. આપણે આ થતું રોકવું પડશે, આવું થયું તો બધું નષ્ટ થઈ જશે.

રાષ્ટ્રપતિની ચૂંટણી અંગે તેમણે કહ્યુ કે, હું ક્યાં સંપ્રદાય અને જાતથી આવું છું એ મહત્વનું નથી. લડાઈ વિચારધારાની છે.

દેશની જનતા મત નહી આપે ફક્ત સાંસદો અને ધારાસભ્યો મત આપશે. પણ જે મત આપે એ તમામ તેમની જનતા લોકોની વિરુદ્ધમાં મત ન આપી શકે. આ સિક્રેટ મતદાન હશે, પણ આમાં વ્હિપ નથી હોતો, તમામ પોતાનો વિવેકનો ઉપયોગ કરે. સંવિધાનને ધ્યાનમાં રાખીને સૌ મત કરે એવી મારી અપીલ છે.

દેશમાં ભયંકર બેરોજગારી છે, આંકડાઓ મુજબ બેરોજગારી સતત ઘટી રહી છે. અર્થવ્યવસ્થા ગતિમાં આગળ વધશે તો જ રોજગારી વધશે. નોટબંધી થઈ, એ વખતે વાર્ષિક વિકાસ દર ૮ ટકા હતો, જે ઘટીને ૪ ટકાએ આવ્યો, કોરોનામાં એ દર માઈનસમાં ગયો હતો. સરકારી આંકડાઓ વિશે નહીં કહું, પણ વિશ્વસનીયતા ખતમ થઈ રહી છે.

આંકડાઓનું મેન્યુપ્યુલેશન થઈ રહ્યું છે, અર્થવ્યવસ્થા ઘોર સંકટમાં છે. મોંઘવારી, રૂપિયાની પડતી કિંમત ચિંતાનો વિષય છે. એક સમયે મોદીજી કમેન્ટ કરતા હતા કે રૂપિયો તૂટી રહ્યો છે, આજે કોઈ મોદીજીને આ સવાલ પૂછશે ખરા?

## શ્વાનના બ્લડ ગ્રૂપનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે

વડોદરા, તા.૦૮

મદદનીશ પશુપાલન નિયામક ડો.તેજસ શુક્લ એ વિશેષ માહિતી આપતાં જણાવ્યું કે શ્વાન મા બ્લડ ગ્રુપ ને ડોગ ઈરિથ્રોસાઈટ એંટીજન (DEA) દ્વારા ક્લાસિફાઈડ કરવામાં આવે છે. અંદાજીત ૧૩ શ્વાન બ્લડ ગ્રુપ તથા ૮ ડોગ ઈરિથ્રોસાઈટ એંટીજન (DEA) રેકગ્નાઈઝ્ડ કરવામાં આવ્યા છે.

### કમળની દાંડીના રેષામાંથી મહિલાઓને

# કાપડ વણતાં શીખવશે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની સંશોધક વિદ્યાર્થિની

વડોદરા, તા.૦૮

કમળના થડના રેષામાં થી પર્યાવરણ મિત્ર કાપડ બને છે અને તેમાં થી બનાવેલી સાડીઓ, થેલા અને કલાત્મક ચીજવસ્તુઓ મનમોહક હોય છે.તેની સાથે કચરામાં વધારો કરતા કેળના થડનો આવક અને રોજગારી આપતો ઉપયોગ થાય છે. વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીની સંશોધક વિદ્યાર્થિની સુમી હાલદાર કેળના થડની માફક કચરા ભેગી થતી કમળ પુષ્પોની દાંડીઓ ના રેષા માં થી માનવ ત્વચાને સાનુકૂળ અને કચરામાં થી કાંચનની વિભાવના સાકાર કરતું કાપડ બનાવીને વસ્ત્ર ઉદ્યોગને ભેટ આપવાની સાથે તેને મહિલા રોજગારી અને સશક્તિકરણનું માધ્યમ બનાવવાનો આવકાર્ય પ્રયાસ કરી રહી છે.

સુમી ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સના ક્લોથીંગ એન્ડ ટેકસટાઇલ વિભાગમાં થી પી.એચ.ડી.કરી રહી છે.જેના ભાગરૂપે એણે નકામો કચરો ગણાતા કમળના દાંડલામાં થી રેષા મેળવીને અન્ય પ્રકારના કાપડ સાથે તેને ભેળવીને નવા પ્રકારનું કાપડ બનાવવાના પ્રયત્નો હાથ ધર્યા છે.આ નાજુક પ્રક્રિયા હાથ વડે કરી પછી મળેલા રેષા બોબીન પર લપેટવામાં આવે છે. તેણે આ પ્રોજેક્ટ તેના ગાઈડ ડો.મધુ શરણના માર્ગદર્શન હેઠળ કર્યો છે.

૨૦૧૮ માં તેને કમળ દંડમાં થી રેષા મેળવી કાપડ બનાવવાનો વિચાર સૂઝ્યો અને એણે અનુસ્નાતકિય શિક્ષણના બીજા વર્ષમાં,૨૦૧૯ માં તેના પર કામ શરૂ કર્યું. કમળ દાંડીઓ મોટા પ્રમાણમાં અને સતત મેળવવા ખંડેરાવ માર્કેટનાં ફૂલ વિક્રેતાઓની મદદ લીધી. આ લોકો એ એનો પરિચય કમળની ખેતી કરતા ખંડ સમયના શિક્ષક ઈશાભાઇ રાઠોડ સાથે કરાવ્યો જેઓ ગુલાબી અને સફેદ કમળ છેક હરિદ્વાર સુધી મોકલે છે.આ વિદ્યાર્થિનીએ દાંડલીઓ નો પુરવઠો મેળવવા કમળ ઊગે છે તેવા વિવિધ તળાવોની મુલાકાત પણ લીધી.આ તમામ જહેમત અને મથામણ ના અંતે રસાયણ મુક્ત અને માનવ ચામડીને અનુકૂળ કાપડ બનાવવામાં સફળતા મેળવી. એમણે ભૂજોડી ના પ્રખ્યાત વણાટકામ કારીગરોની તેના માટે મદદ લીધી.

આ કામમાં ઉપયોગી યંત્ર બનાવવા એણે એક ખ્યાતનામ કંપનીમાં કામ કર્યું.આ યંત્રની હવે પેટન્ટ મેળવવાની છે. હેપ્પી ફેસિસ એન.જી.ઓ.ની પણ આ કામમાં મદદ લીધી છે.૧૦ જેટલી મહિલાઓને દાંડીમાં થી રેષા કાઢવાની તાલીમ આપી છે.આ એવી બહેનો છે જેમના પરિવારો કોરોના કાળમાં રોજગારીની મુશ્કેલી અનુભવી રહ્યાં હતાં.આ પ્રયોગને વાયેબલ બનાવવાનું કામ હજુ ચાલુ છે.ઘણી પરિષદોમાં તેને લગતા પેપર રજૂ કરવામાં આવ્યા છે. આ સંશોધનની સફળતા ઘણાં નવા આયામો ખોલી શકે છે.

### ટુંકી મુદ્દતની જાહેર નિવિદા નં. ૬ સને ૨૦૨૨-૨૩

ગુજરાત રાજયના રાજયપાલશ્રી અને તેમના વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ડભોઇ (માXમ) પેટાવિભાગ, સીવીલ કોર્ટની બાજુમાં, ડભોઇ ફોન નં. ૦૨૬૬૩-૨૫૬૨૯૮ કચેરી હસ્તકના રસ્તાના ચાલુ મરામતની આઇટમના એકમદીઠ કામોના વાર્ષિક ભાવો ઇ-૨ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવતા માન્ય ઇજારદાર પાસેથી બી-૧ ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો અત્રેની કચેરીએથી આપવાની છેલ્લી તારીખ ૧૪/૦૭/૨૦૨૨ છે. જયારે ભરેલ ભાવપત્રકો રજી. પો.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી પરત અત્રેની કચેરીમાં સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૧/૦૭/૨૦૨૨ છે. ઇજારદારશ્રીઓએ ટેન્ડરની માંગણી વખતે રજુ કરવાના તમામ દસ્તાવેજ અસલમાં ખરાઇ માટે રજુ કરવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. નોટીસ અંગેની વધુ માહિતી ઉપરોકત કચેરીનો રજાના દિવસ સિવાય કચેરી સમય દરમ્યાન સંપર્ક સાધવાથી મળી શકશે.

(માહિતી-વડો-૪૯૬-૨૨-૨૩)

### વડોદરા જિલ્લામાં સફળતાપૂર્વક આગળ વધી રહી વંદે ગુજરાત વિકાસ યાત્રા

# તા.૧૧ થી તા.૧૫ સુધી જિલ્લાના પાદરા, સાવલી, વાઘોડીયા અને ડભોઇ તાલુકામાં પરિભ્રમણ કરશે

વડોદરા, તા.૦૮

મેઘરાજાની સવારીની સાથે સાથે વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથોની શાહી સવારી પણ સતત આગળ વધી રહી છે. વડોદરા જિલ્લાના વડોદરા, ડેસર અને સાવલી તાલુકાના ગામોમાં ફરી વળેલી વિકાસની યાત્રા તા. ૧૧ જુલાઇથી નવા તાલુકા, નવા ગામોમાં વિકાસની મહેર વરસાવશે. આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી અંતર્ગત આયોજિત આ વંદે ગુજરાત વિકાસ યાત્રા તા. ૧૧ જુલાઇથી તા. ૧૫ જુલાઇ સુધી પાદરા તાલુકાના ૧૨ ગામ અને એક નગરપાલિકામાં પરિભ્રમણ કરશે. આ પાંચ દિવસ દરમિયાન રથ સાંગમા ગામથી પ્રસ્થાન થઇને પાદરા નગરપાલિકા જશે. અને ત્યાંથી વિકાસ યાત્રાનો રથ જાસપુર, સાધી, ડભાસા, ઉમરાયા, મુજપુર, ડબકા, વડુ, કરખડી, કણજટ, વિશ્રામપુરા થઇને વણછરા ગામમાં પરિભ્રમણ કરશે. તેવી જ રીતે તા. ૧૧ જુલાઇએ સવારે બીજો રથ સાવલી તાલુકાના પિલોલ ગામે વિકાસકાર્યોની ભરમાર લઇને આવશે. ત્યાંથી આ રથ તા. ૧૫ જુલાઇ સુધીમાં સમલાયા, છેલ્લા કરમસિયા, અડીરણ, કોટંબી, સાકરીયા, રવાલ, ગુતાલ, ગંભીરપુરા, વસવેલ, ફરતીકુઈ, થુવાવી ગામમાં ફરીને ડભોઇ નગરપાલિકા જશે.

મહત્વનું છે કે, વડોદરા જિલ્લામાં તા.૧૯ જુલાઈ સુધી ચાલનારી આ વિકાસ યાત્રામાં વિવિધ થીમ આધારિત કાર્યક્રમો નિયત કરવામાં આવ્યા છે. આ યાત્રા દરમિયાન વિવિધ વિકાસકામોના ખાતમુહુર્ત, લોકાર્પણ તથા વિવિધ યોજનાકીય લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવી રહ્યું છે.

યાત્રાના સફળ સંચાલન માટે જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ નોડલ અધિકારીઓની પણ નિમણુક કરવામાં આવી છે.યાત્રા દરમ્યાન ગામડાઓમાં સફાઈ અભિયાન સહિત પ્રભાત ફેરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે

# નવી દિલ્હી ખાતે યોજાયેલી ઈન્ડિયા એનિમલ હેલ્થ સમિટમાં રાજયપાલના હસ્તે એવોર્ડ અર્પણ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૮

નવી દિલ્હી ખાતે ઈન્ડિયન ચેમ્બર ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર તેમજ એગ્રીકલ્ચર ટુડે ગ્રુપ દ્વારા યોજાયેલી ઈન્ડિયા એનિમલ હેલ્થ સમિટ-૨૦૨૨માં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉપસ્થિત રહીને ઈન્ડિયા એનિમલ હેલ્થ એવોર્ડ-૨૦૨૨ના વિજેતાઓનું એવોર્ડ અર્પણ કરી સન્માન કર્યુ હતું.

આ એવોર્ડ સમારોહમાં ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યુ હતું. જેમાં બેસ્ટ સ્ટેટ ઇન એનિમલ હસ્બન્ડરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર એવોર્ડ માટે ગુજરાત રાજ્યની પસંદગી કરવામાં આવી હતી. રાજયના પશુપાલન વિભાગના નિયામક ડો. ફાલ્ગુની ઠાકરે રાજયપાલના હસ્તે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. જયારે રાજયની કામધેનુ યુનિવર્સિટીને એક્સ્ટેન્શન લિડરશીપ એવોર્ડ એનાયત કરાયો હતો. ગુજરાતના પ્રગતિશીલ ખેડૂત રમેશભાઇ રૂપારેલિયાને ફાર્મર ઓફ ધ ઇયર એવોર્ડ એનાયત થયો હતો. જ્યારે બેસ્ટ કંપની ઇન એનિમલ ફીડ એવોર્ડ અમૂલ કેટલ ફીડ એન્ડ ફીડ સપ્લીમેન્ટને એનાયત થયો હતો.

રાજયપાલે એવોર્ડ વિજેતાઓને આ પ્રસંગે શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, પશુઓમાં નસલ સુધારણા અને સ્વાસ્થ્ય રક્ષાથી જ પશુપાલન વ્યવસાય આત્મનિર્ભર બનશે. પશુપાલન ખરા અર્થમાં ખેડૂતોની આર્થિક સમૃદ્ધિનું કારણ બને તે માટે પશુઓની નસલ સુધારણા ઉપરાંત કૃત્રિમ બીજદાન, પશુઓને પોષણયુક્ત આહાર આપવા અને પશુઓના આરોગ્યની રક્ષા ઉપર ધ્યાન આપવું પડશે.

રાજ્યપાલે પશુઓની નસલ સુધારણા માટે ગુરુકુલ કુરુક્ષેત્રની ગૌશાળામાં તેમણે કરેલાં સફળ પ્રયાસોને દોહરાવ્યા હતા.

VOLTAMP VADODARA THE POWER OF INDUSTRY

### વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લીમીટેડ

CIN: L31100GJ1967PLC001437
રજી. ઓફીસ : મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪, ગુજરાત (ઈન્ડીયા)
ફોન : +91 265 6141403 / 6141480 / 3041480
ઈ-મેઈલ : voltamp@voltamptransformers.com, વેબસાઈટ : www.voltamptransformers.com

### શેરધારકોને નોટીસ

**ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ("IEPF")ને ઈક્વીટી શેરનું હસ્તાંતરણ**

શેરધારકોને આ સાથે જણાવવામાં આવે છે કે, કંપની એક્ટ ૨૦૧૩ અને ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેકશન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ ઓડીટ ટ્રાન્સફર અને રિફંડ) રુલ્સ, ૨૦૧૬("નિયમો") અને તેમાં થયેલા સુધારના અંતર્ગત, નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે જાહેર કરાયેલ અંતિમ ડીવિડન્ડ, જે સાત વર્ષના સમયગાળા માટે દાવા વગરનું રહ્યું છે તે ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ પછી IEPF માં જમા કરવામાં આવશે.અનુરૂપ શેરો કે જેના પર સતત સાત વર્ષ સુધી ડીવિડન્ડનો દાવો કરવામાં આવ્યો નથી, એ શેરો પણ નિયમ મુજબ IEPF ને હસ્તાંતરણ કરવામાં આવશે.

તે મુજબ કથિત કાયદા હેઠળ, કંપનીએ જે શેરધારકોના શેર અને ડિવીડન્ડ ૨૦૨૨-૨૩ દરમ્યાન IEPF માં હસ્તાંતરણ કરવા પડે એવા છે, એવા શેરધારકોને તેમનાં લેટેસ્ટ એડ્રેસ પર વ્યક્તિગત રીતે જાણકારી આપી છે, કંપનીએ IEPF ને હસ્તાંતરણને યોગ્ય શેર અને આ પ્રકારના શેરધારકોની વિગતો તેની વેબસાઇટ www.voltamptransformers.com. પર અપલોડ કરી છે. શેરધારકોને IEPFને હસ્તાંતરણ કરવાને યોગ્ય શેરની વિગતની ચકાસણી કરવા કંપનીની વેબસાઇટ જોવા વિનંતી છે.

આ માટે કૃપા કરીને નીચેની બાબતોની નોંધ લેવી.

**જો તમે ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવો છો તો :**

ડુપ્લીકેટ શેર પ્રમાણપત્ર(ઓ) જારી કરવામાં આવશે અને IEPF ને ટ્રાન્સફર કરવામાં આવશે. તમારા નામ (નામો) માં નોંધાયેલ અને તમારા દ્વારા રાખવામાં આવેલ અસલ શેર પ્રમાણપત્ર(ઓ) આપોઆપ રદ થઇ જશે.

**જો તમે ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં શેર ધરાવો છો તો :**

IEPFમાં ટ્રન્સફર કરવા માટે જવાબદાર શેર્સ તમારા ડીમેટ એકાઉન્ટમાંથી ડેબીટ કરવામાં આવશે.

સંબંધિત શેરધારકોએ અવેતન ડીવિડન્ડનો દાવો કરવાની વિનંતી ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં કંપની/રજીસ્ટાર અને ટ્રન્ફર એજન્ટને કરવી. **મહેરબાની કરીને નોંધ લેવી કે જો ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં કંપની અથવા રજીસ્ટારને કોઇ જવાબ નહી મળે તો કંપનીએ આગળની કોઇ પણ સુચના વિના IEPFને શેર હસ્તાંતરણ કરશે.**

એ પણ નોંધવું જોઇએ કે IEPFને હસ્તાંતરણ કરાયેલ શેરો પર ઉપાર્જીત થતા તમામ લાભો સહિત, જો કોઇ હોય તો, IEPF નિયમો દ્વારા નિર્ધારીત પ્રક્રિયા અનુસાર IEPF ઓથોરીટી પાસેથી પાછો દાવો કરી શકાય છે.

આ બાબતે કોઇપણ સ્પષ્ટતા માટે, કૃપા કરીને કંપનીના રજીસ્ટાર અને ટ્રાન્ફર એજન્ટનો સંપર્ક કરો : મે. લિંક ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રા. લિ., બી-૧૦૨ અને ૧૦૩, શંગરીલા કોમ્પલેક્ષ, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, વડોદરા-૩૯૦૦૨૦, ટેલી. નં. :0265-6136000, email: iepf.shares@linkintime.co.in.

**વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લી.** વતિ
**સંકેત રાઠોડ**
કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા
તા. ૦૮-૦૭-૨૦૨૨

INEOS STYROLUTION
Driving Success. Together.

### ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ

CIN: L25200GJ1973PLC002436
રજી. ઓફિસ : ૫ મો માળ, ઓહમ હાઉસ-૨, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા ૩૯૦ ૦૨૩.
ફોન નં. : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨
E mail : INSTY.secshare@ineos.com Website : www.ineosstyrolutionindia.com

### ૪૯મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ તથા ઈ-વોટિંગ માટેની માહિતી

આથી નોટિસ આપવામાં આવે છે કે, તા. એપ્રિલ ૦૮, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, તા. એપ્રિલ ૧૩, ૨૦૨૦ ના ૧૭/૨૦૨૦, તા. મે ૦૫, ૨૦૨૦ ના ૨૦/૨૦૨૦, તા. જાન્યુઆરી ૧૩, ૨૦૨૧ ના ૦૨/૨૦૨૧, તા. ડિસેમ્બર ૮, ૨૦૨૧ ના ૧૯/૨૦૨૧, તા. ડિસેમ્બર ૧૪, ૨૦૨૧ ના ૨૧/૨૦૨૧ અને તા. મે ૫, ૨૦૨૨ ના ૨/૨૦૨૨ (સંયુક્તપણે "એમસીએ" પરિપત્રો તરીકે સંદર્ભિત) તેમજ સેબીના તા. મે ૧૨, ૨૦૨૦ ના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તથા તા. મે ૧૩, ૨૦૨૨ ના SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) અને સેબી દ્વારા જારી કરાયેલ અન્ય લાગુ પરિપત્રો, જો કોઈ હોય તો તેના વંચાણ સાથે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની તમામ લાગુ પડતી જોગવાઈઓ અને તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો તથા સમય સમય પર સુધારવામાં આવ્યા અનુસરના સિક્યુરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી) (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) વિનિયમો, ૨૦૧૫ (લિસ્ટિંગ રેગ્યુલેશન્સ) ના અનુપાલનમાં, કંપનીની **૪૯મી વાર્ષિક સાધારણ સભા ("એજીએમ") બુધવાર, ઓગસ્ટ ૧૦, ૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૩૦ વાગે** એજીએમ અંગે જાણ કરતી નોટિસમાં ઉલ્લેખ કરેલ વ્યવસાયો અંગે વિચારણા અને વ્યવહાર કરવા **વિડીયો કોન્ફરન્સિંગ ("વીસી") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ("ઓએવીએમ")** મારફતે યોજવામાં આવશે.

વીસી / ઓએવીએમ મારફતે એજીએમમાં ભાગ લઈ રહેલા સભ્યોની સંખ્યાને કંપની અધિનિયમ, ૨૦૧૩ના સેકશન ૧૦૩ હેઠળ કોરમના હેતુ માટે ગણવામાં આવશે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના વાર્ષિક અહેવાલની સાથે સાથે ૪૯મી એજીએમની નોટિસ એ તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડ મારફતે મોકલી દેવામાં આવેલ છે જેઓના ઈમેલ એડ્રેસ કંપની/ડિપોઝિટરીઓ પાસે નોંધાયેલા છે અને સંબધિત રવાનગી ૮ જુલાઈ, ૨૦૨૨ ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે.

સભ્યોને જાણ થાય કે સદર નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.ineosstyrolutionindia.com, સ્ટોક એક્સચેન્જીસ, એટલે કે બીએસઈ લિમિટેડ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) ની વેબસાઈટ્સ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર તેમજ રિમોટ ઈ-વોટિંગનું, એજીએમ દરમિયાન ઈ-વોટિંગનું અને વીસીનું સંચાલન કરવા માટે નિયુક્ત કરાયેલ એજન્સી નેશનલ ડિપોઝિટરી સર્વિસિસ લિમિટેડ (એનએસડીએલ) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.

કટ-ઑફ તારીખ **ઓગસ્ટ ૩, ૨૦૨૨** ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડિમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો એનએસડીએલની ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ("રિમોટ ઈ-વોટિંગ") મારફતે, એજીએમની નોટિસમાં નિર્ધારિત વ્યવસાયો પર પોતાના મત ઈલેક્ટ્રોનિકલી આપવા માટેની તક ધરાવશે.

i. રિમોટ ઈ-વોટિંગ **૭ ઓગસ્ટ, ૨૦૨૨** ના રોજ ભારતીય સમય **સવારે ૯.૦૦ વાગે** શરૂ થશે;
ii. રિમોટ ઈ-વોટિંગ **૯ ઓગસ્ટ, ૨૦૨૨** ના રોજ ભારતીય સમય **સાંજે ૫.૦૦ વાગે** પૂર્ણ થશે, જેના પછી એનએસડીએલ દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલ અક્ષમ બનાવવામાં આવશે અને રિમોટ ઈ-વોટિંગ સદર સમય બાદ કરવા દેવામાં આવશે નહીં;
iii. કોઈપણ વ્યક્તિ જે વાર્ષિક અહેવાલ મોકલી દીધા બાદ કંપનીના સભ્ય બને છે અને કટ-ઑફ તારીખે શેર ધરાવે છે, તે evoting@nsdl.co.in પર અનુરોધ મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

**ઈલેક્ટ્રોનિક માધ્યમો મારફતે મતદાન**

- ડિમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં, ભૌતિક સ્વરૂપમાં અને સભ્યો કે જેઓએ પોતાના ઈમેલ એડ્રેસ નોંધાવેલ નથી તેમને રિમોટલી વોટિંગ (રિમોટ ઈ-વોટિંગ) કરવાની પદ્ધતિ, એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. સદર વિગતો કંપની, બીએસઈ, એનએસઈ અને એનએસડીએલની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ બનશે.
- ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ મારફતે ઈ-વોટિંગની સુવિધા એજીએમ દરમિયાન પણ ઉપલબ્ધ બનાવવામાં આવશે. ફક્ત એ શેરધારકો, જેઓ વીસી / ઓએવીએમ સુવિધા મારફતે એજીએમમાં હાજર છે અને રિમોટ ઈ-વોટિંગ મારફતે ઠરાવ/વો પર પોતાનો મત આપ્યો નથી તથા જેઓને અન્યથા આવું કરવાથી અટકાવવામાં આવ્યા નથી, તેઓ એજીએમ દરમિયાન ઉપલબ્ધ ઈ-વોટિંગ સિસ્ટમ મારફતે મત આપવાને પાત્ર બનશે. જે સભ્યોએ પોતાનો મત રિમોટ ઈ-વોટિંગ મારફતે આપેલ છે તેઓ એજીએમ વખતે ફરીથી મત આપવાને હકદાર બનશે નહીં.
- સભ્યોને ઈ-વોટિંગ મારફતે મતદાન કરવા માટેના લૉગઈન ક્રેડેન્શિયલ્સ ઈમેલ મારફતે ઉપલબ્ધ બનાવવામાં આવશે. જે સભ્યોને ઈમેલ મળતો નથી અથવા જેમના ઈમેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરી ભાગીદાર(રો) પાસે નોંધાયેલા નથી, તેઓ એજીએમની નોટિસ માટેની નોટ્સમાં આપેલી સૂચનાઓનું પાલન કરીને લૉગઈન ક્રેડેન્શિયલ્સ જનરેટ કરી શકે છે.
- સમાન લૉગઈન ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ વીસી / ઓએવીએમ મારફતે એજીએમમાં હાજર રહેવા માટે પણ થઈ શકે છે.
- સભ્યોને એજીએમની નોટિસમાં નિર્ધારિત તમામ નોટ્સ, અને ખાસ કરીને એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ, રિમોટ ઈ-વોટિંગ અથવા એજીએમની કામગીરી દરમિયાન ઈ-વોટિંગ મારફતે મત આપવાની રીત ધ્યાનપૂર્વક વાંચી જવાની વિનંતી કરવામાં આવે છે.
- કોઈ પ્રશ્નોના કિસ્સામાં, આપ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ ખાતે ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યૂ) અને શેરધારકો માટેનું ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલ જોઈ શકો છો અથવા ટોલ ફ્રી નં.: ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ પર કોલ કરી શકો છો અથવા એનએસડીએલ અધિકારી સુશ્રી. સરિતા મોટેને evoting@nsdl.co.in પર અનુરોધ મોકલી શકો છો.

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ વતી,**
સહી/-
**અભિજાત સિન્હા**
હેડ - લીગલ એન્ડ કંપની સેક્રેટરી

**તારીખ :** ૮મી જુલાઈ, ૨૦૨૨
**સ્થળ :** વડોદરા

APAR Tomorrow's solutions today

### અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(CIN : L91110GJ1989PLC012802)
**રજી.ઓફિસ :** ૩૦૧, પનોરમા કોમ્પલેક્ષ, આર.સી.દત્ત રોડ, વડોદરા-૩૯૦૦૦૭ (ગુજરાત) ઈન્ડીયા
**Phone:** (0265) 2339906 **E-mail:** com.sec@apar.com **Website:** www.apar.com

### અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની 33મી વાર્ષિક સાધારણ સભા યોજવા વિષેની માહિતી

૧. અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ **(કંપની)** ની તેત્રીસમી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) **શુક્રવાર, તા. ૧૨મી ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ બપોરના ૨:૩૦ કલાકે (આઈએસટી)** વિડિયો કોન્ફરન્સીંગ (વી.સી.) / અન્ય દ્રશ્ય, શ્રાવ્ય સાધનો (ઓએવીએમ) દ્વારા યોજવામાં આવેલ છે, કે જે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવવામાં આવેલ નિયમો તેમજ ધી સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડીસ્કલોઝર રીક્વારમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (લીસ્ટીંગ રેગ્યુલેશન્સ) અને તેમાં વખતો વખત કરવામાં આવેલા સુધારાને સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, નં. ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, નં. ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦, નં. ૦૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧, નં. ૨૧/૨૦૨૧ તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૧ અને નં. ૦૨/૨૦૨૨ તા. ૫મી મે, ૨૦૨૨ અને અન્ય લાગુ પડતા પરિપત્રો કે જે કોર્પોરેટ બાબતોના મંત્રાલય **(એમસીએ)** દ્વારા બહાર પાડવામાં આવેલ છે અને સીક્યુરીટીઝ એન્ડ એક્ષ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧ અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તા. ૧૩મી મે, ૨૦૨૨ (જે હવે પછી સામૂહિક રીતે **પરિપત્રો** તરીકે ઓળખાશે) ની સાથે વાંચતા, બહાર પાડવામાં આવેલી જોગવાઈઓના પાલન અર્થે અને ૩૩મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સુચનામાં દર્શાવેલ વ્યવહારો કરવા માટે યોજવામાં આવેલ છે.
કંપનીના સદસ્યો ૩૩મી વાર્ષિક સાધારણ સભામાં ફક્ત વીસી/ઓએવીએમના માધ્યમથી જ ભાગ લઈ શકશે. એજીએમ માં ભાગ લેવા માટેની વિસ્તૃત માહિતી એજીએમ માટેની સુચનામાં આપવામાં આવશે. વીસી/ઓએવીએમ ના માધ્યમથી બેઠકમાં ભાગ લેતા સદસ્યોની હાજરી કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમના હેતુસર ગણતરીમાં લેવામાં આવશે.

૨. ઉપર જણાવેલ પરિપત્રોનું પાલન કરતા, નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના વાર્ષિક અહેવાલ સાથે ૩૩મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સુચના, એવા સદસ્યો કે જેમનું ઈ-મેઈલ સરનામું કંપની/ ડીપોઝીટરીમાં નોંધાયેલા છે, ફક્ત તેમને જ ઈલેક્ટ્રોનીક માધ્યમથી મોકલવામાં આવશે. સદસ્યો એ પણ નોંધ લે કે સંબંધિત સુચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.apar.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડ (એનએસઇ)ની વેબસાઈટ અનુક્રમે www.bseindia.com, www.nseindia.com પર ઉપલબ્ધ રહેશે. તદ્ઉપરાંત સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડીયા) લિમિટેડ (સીડીએસએલ) કે જે વીસી/ઓએવીએમ દ્વારા વાર્ષિક સાધારણ સભા યોજવા અને રીમોટ ઈ-વોટીંગ તેમજ સભા દરમ્યાન ઈ-વોટીંગની સુવિધા આપવા નિયુકત કરેલ એજન્સી છે, તેની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

૩. કંપની દ્વારા ઈલેક્ટ્રોનિક માધ્યમથી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવા માટે ઈમેલ સરનામું અને સીધા બેંક ખાતાઓમાં ડિવિડન્ડ મેળવવા માટે બેંક ખાતાની વિગતોની નોંધણી / સુધારો કરવાની રીત:

(I) **ભૌતિક સ્વરૂપમાં** શેર ધરાવતા સદસ્યો, કે જેમણે કંપની પાસે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવેલ નથી, તેમને પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો તેમના ફોલિયો નંબર દર્શાવતો તથા પાન, આધાર કાર્ડ, કેન્સલ કરેલ ચેક અને અન્ય તમામ દસ્તાવેજો ફોર્મ ISR-1ની સ્વ-પ્રમાણિત નકલો સાથેનો એક ઈ-મેલ investor.services@apar.com પર મોકલીને કંપની પાસે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવી દેવાની વિનંતી કરવામાં આવે છે. આ ફોર્મ કંપનીની વેબસાઈટ https://apar.com/wp-content/uploads/2022/02/SEBI_Cir._dtd._03.11.2021,_14.12.2021_and_25.01.2022%E2%80%93Various_Forms_for_KYC.pdf ઉપર ઉપલબ્ધ છે.

(ii) **ડીમટીરીયલાઈઝડ સ્વરૂપમાં** શેર ધરાવતા સદસ્યો, કે જેમણે ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ પાસે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવેલ નથી, તેમને તેઓ તેમના ડિમેટ ખાતાંઓ જેમની સાથે જાળવી રાખે છે તે ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ સાથે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવવા/સુધારો કરાવવાની વિનંતી કરવામાં આવે છે.

(iii) વૈકલ્પિક રીતે, સદસ્યો તેમનું ઈ-મેઈલ સરનામું, મોબાઈલ નંબર, પાન અને બેંક ખાતાની વિગતો, ફોર્મ ISR-1 સહિત નીચે જણાવેલી લીન્ક પર પણ નોંધણી / સુધારો કરી શકે છે.
**https://www.linkintime.co.in/EmailReg/Email_Register.html**

૪. ઈવોટીંગ દ્વારા મતદાન કરવાની પદ્ધતિ:

(i) સદસ્યોને ૩૩મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સૂચનામાં દર્શાવેલ વ્યવહારો પર ઈલેક્ટ્રોનીક વોટીંગ સિસ્ટમ એટલે કે ઈ-વોટીંગથી મત આપવાની તક ઉપલબ્ધ રહેશે.

(ii) એજીએમ ની સૂચનામાં જે સદસ્યો ડીમટીરીયલાઈઝડ સ્વરૂપમાં શેર ધરાવે છે, ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવે છે અને એવા સદસ્યો જેમણે એમનું ઈમેઈલ સરનામું નોંધાવ્યું નથી તે કેવી રીતે રીમોટ ઈ-વોટીંગ કરી શકશે તે જણાવવામાં આવ્યુ છે.

(iii) ઈલેક્ટ્રોનીક વોટીંગ સિસ્ટમના માદયમથી ઈ-વોટીંગની સુવિધા એજીએમના સમયે પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. માત્ર એવા શેર ધારકો કે જેઓ એજીએમ માં વીસી/ઓએવીએમ ના માદયમથી ભાગ લઈ રહ્યા છે અને જેમણે રીમોટ ઈ-વોટીંગથી ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને જેઓને અન્ય રીતે એવું કરવાથી બાકાત કરવામાં આવ્યા નથી, તેઓ જ એજીએમ દરમિયાન ઈ-વોટીંગ ઉપલબ્ધ સિસ્ટમથી મત આપવાને પાત્ર ગણાશે.

૫. ૩૩મી એજીએમની તા. ૨૭મી મે, ૨૦૨૨ ની સુચનામાં જણાવેલી નોંધો, અને ખાસ કરીને એજીએમ માં જોડાવા માટેની સૂચનાઓ, રીમોટ ઈ-વોટીંગ દ્વારા અથવા એજીએમ દરમિયાન ઈ-વોટીંગ દ્વારા મત આપવાની પદ્ધતિ, કાળજી પૂર્વક વાંચી જવા સદસ્યોને વિનંતી છે.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી**
**અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,**
**સંજયા કુંદર**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : મુંબઈ**
**તારીખ : જુલાઈ ૦૮, ૨૦૨૨**